**ભરૂચના સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ, ભરૂચ.**

**પોકસો કેસ નં.૧૦/૨૦૨૬**

**આંક–૨૪**

**ફરીયાદીઃ– સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઃ– હિતેષ સુરેશભાઈ વસાવા**

**ઉ.વ. ૨૧, ધંધો. ખાનગી નોકરી**

**રહે. સ્માશાન પાસે,બંબાખાના, નિઝામવાડી, ભરૂચ શહેર.**

**–: આંક–૦૧ નીચે થયેલ હુકમના આધારે તહોમતનામુંઃ–**

હું એચ.એચ.ગાંધી સ્પેશ્યલ જજ(પોકસો) અને ત્રીજા અંડીશ્નલ સેસન્સ જજ, ભરૂચના આથી તમો આરોપી **હિતેષ સુરેશભાઈ વસાવા**વિરૂધ્ધ નીચે મુજબ તહોમતનામું ફરમાવું છું કે,બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે ભોગબનનાર ધોરણ ૦૭માં હતા અને સ્કુલે જતાં હતા ત્યારે તમો આરોપી જાણતો હતો કે ભોગબનનાર સગીર છે અને સંમતી આપવા સક્ષમ નથી છતાં પણ તમો આરોપી ભોગબનનારની પાછળ જતો અને ભોગબનનારને સ્કુલ છુટયા બાદ સ્કુલ નજીક તમો આરોપી મળતો અને આ તમો આરોપી જાતીય ઈરાદાથી ભોગબનનારની પાછળ જતો અને ભોગબનનારને મળતો અને ભોગબનનાર, તમો આરોપી તા.૧૦/૦૩/૨૦૨૬ના પહેલાના ચાર વર્ષથી એકબીજાને ઓળખતા અને તમો આરોપી ભોગબનનારના ફળીયામાં જ રહે છે અને તમો આરોપીએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદાથી મિત્રતા કરેલ અને ભોગબનનારને તમો આરોપી પ્રેમમાં હતા અને તમો આરોપી, ભોગબનનાર બનાવાવાળા સમયે સ્કુલે જતી ત્યારે ભોગબનનારનો તમો આરોપી પીછો કરતા, તમો આરોપી, ભોગબનનારને સતત મળતાં,જોતાં અને તમો આરોપીએ ભોગબનનાર અને પોતાના કીસ વાળા ફોટા પડાવેલ અને તમો આરોપી ભોગબનનારને ધમકી આપતો કે પોતાની જોડે શરીર સંબંધ ન બાંધ્યા તો પછી ફોટા વાઈરલ કરી દઈશ તે રીતે ગુનાહીત ધમકી આપતા અને શિવરાત્રીના દિવસે બનાવવાળી જગ્યાએ તમો આરોપીએ ભોગબનનાર સાથે

ભોગબનનાર સગીર હોવા છતાં જબરજસ્તી કરેલી અને ધુળેટીના દિવસે પણ તમો આરોપીએ ભોગબનનારને ધમકી આપી બોલાવતો હતો અને તે રીતે ગુનાહીત ધમકી આપતો અને તમો આરોપીના મમ્મી પણ ઘરે હતા તો પણ ભોગબનનારને તમો આરોપી ધમકી આપતો હતો અને તમો આરોપીએ ભોગબનનાર સાથે ભોગબનનાર સગીર હોવા છતાં સને ૨૦૨૨ થી ભોગબનનાર સાથે સતત સંપર્કમાં રહી તેનો પીછો કરેલ અને ભોગબનનાર સગીર હોવા છતાં ભોગબનનાર સાથે બળાત્કાર કરવાના ઈરાદે તમો આરોપી ભોગબનનારનું ભોગબનનારના વાલીના કાયદેસર વાલીપણામાંથી વાલીની સંમતી વગર અપહરણ કરીને તે રીતે ભોગબનનારને તે સંમતી આપવા સક્ષમ ન હોવા છતાં ભોગબનનારને તમો આરોપી, તમો આરોપીના ભાઈબંધના ત્યાં લઈ ગયેલ અને ત્યાં તમો આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ, બળાત્કાર કરેલ, પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ત્યારપછી બનાવવાળા સમયે તમો આરોપી ભોગબનનારને તેના કાયદેસરના વાલીની સંમતી વગર વાલીપણામાંથી પોતાના ઘરે લઈ ગયેલ અને તે રીતે અપહરણ કરી લઈ ગયેલ અને ત્યાં તમો આરોપીએ ભોગબનનાર ઉપર બળાત્કાર, પ્રવેશ જાતીય હુમલો અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને તમો આરોપીએ ભોગબનનાર સાથે બે વાર શારીરીક સંબંધ બાંધેલ અને તે રીતે ભોગબનનાર ઉપર બળાત્કાર,પ્રવેશ જાતીય હુમલો અને ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને ભોગબનનારની મરજી વિરૂધ્ધ કીસ વાળા ફોટો વાયરલ કરી દેવાની તમો આરોપી ધમકી આપતો હતો અને તે રીતે ગુનાહીત ધમકી તમો આરોપી ભોગબનનાર સાથે શરીરસંબંધ બાંધી બળાત્કાર કરતો, પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરતો અને તમો આરોપીએ છેલ્લી વાર જે શરીરસંબંધ ભોગબનનાર સાથે બાંધેલ અને બળાત્કાર,પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ તે શીવરાત્રીના દિવસે કરેલ અને તમો આરોપી ભોગબનનાર સાથે જાતીય ઈરાદાથી ઈન્સ્ટાગ્રામ ઉપર વાત કરતો અને તે રીતે ઈલેકટ્રોનીક રીતે પણ તમો આરોપી ભોગબનનારને સતત સંપર્ક કરતો અને સતત રૂબરૂ પણ મળતો અને જાતીય સતામણી કરતો અને તમો આરોપી ભોગબનનારને લલચાવીને ભોગબનનારના કીસવાળા ફોટા પાડેલ અને તે રીતે તમો આરોપીએ ભોગબનનાર સાથે અસલીલ ફોટા પાડેલ

અને તમો આરોપી તે રીતે ફોટા પાડવા માટે ભોગબનનાર સાથે એક કરતાં વધારે વાર કીસ કરેલ તથા ભોગબનનારને સ્પર્શ કરેલ અને તે રીતે ભોગબનનારનો પ્રત્યક્ષ સંપર્ક કરેલ અને તે જાતીય ઇરાદાથી કરેલ અને તે એક કરતાં વધારે વાર ભોગબનનાર સાથે કરેલ તે રીતે તમો આરોપીએ ભોગબનનાર સાથે જાતીય હુમલો અને ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો પણ કરેલ અને આ ઉપરોકત તમામ ગુનાહીત કૃત્ય તમો આરોપીએ ભોગબનનાર સાથે ભોગબનનાર ધોરણ ૭ માં ભણતી હતી ત્યારથી તા.૦૪/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળામાં ઉપરોકત ગુનાહીત કૃત્ય કરેલ અને તે રીતે તમો આરોપીએ ઇ.પી.કો. કલમ–363,366,376(2)(j)(n),376(3), 354(A)(1)(i) ના ભંગ બદલ કલમ–354(A)(2), 354(D)(1)(i)(ii) ના ભંગ બદલ કલમ–354(D)(2), 506 તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ– 3(a) ના ભંગ બદલ 4(2), 5(l)ના ભંગ બદલ 6(1),7 ના ભંગ બદલ કલમ–8, 9(l) ના ભંગ બદલ કલમ–10, 11(4)(6) ના ભંગ બદલ કલમ–12 તથા ધી ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ-67(B) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

આથી હું આદેશ ફરમાવવું છું કે, સદરહુ તહોમત માટે આ ન્યાયાલય તરફથી તમો આરોપી વિરૂધ્ધ ઇન્સાફી કાર્યવાહીનું કામ આગળ ચલાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૬ મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી જાહેર કર્યો.

તા.૧૬/૦૭/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી.સેસન્સ જજ અને સ્પે.પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)